વીઆઈપી સેક્ટરો સિવાય અન્ય સ્થળોએ ગંદકીના ઢગ જામ્યા

સફાઈ મામલે પાટનગરમાં ભેદભાવ ભરી નીતી અપનાવવામાં આવી રહી હોવાનો આક્ષેપ : ઘર ઘરથી કચરો એકત્ર કરવાની યોજના નિષ્ફળ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરમાં ગંદકીની સમસ્યા વર્ષો જુની છે. રાજયનું પાટનગર હોવા છતાં અહીં ગંદકીનો પ્રશ્ન અનેક રજુઆતો બાદ પણ હલ થતો નથી. કોંગ્રેસ અને ભાજપ બંને પક્ષો શહેરની સફાઈ મામલે ઉદાસીન રહ્યા હોવાથી ગંદકીના કારણે સ્વાસ્થ્યના પ્રશ્નો ઉપસ્થિત થયા છે.

ગાંધીનગરની સ્થાપનાને ચાર દાયકા કરતાં વધુનો સમય થયો હોવા છતાં ગંદકીની સમસ્યા હલ થતી નથી. ચુંટણી સમયે વોટ માંગવા આવતા દિગ્ગજો સમક્ષ આ મામલે વસાહતીઓએ અનેકવાર રજુઆત કરી છે. ચૂંટણી ટાણે સૌ કોઈ ઠાલાં વચનો આપે છે પરંતુ જેવી ચુંટણી પુરી થાય તેવા જ ઉમેદવારો ગાયબ થઈ જાય છે અને ગંદકીની સમસ્યા ઠેરની ઠેર રહે છે.

ગાંધીનગરના જુદા જુદા સેકટરોની સફાઈનો મમલો અગાઉ નોટીફાઈડ વિભાગ પાસે હતો હવે મનપા પાસે છે. શહેરનો વ્યાપ ને વિસ્તાર વધ્યો છે સાથે જ વસ્તીમાં પણ વધારો થયો છે પરંતુ સફાઈ કામદારોનું મહેકમ ત્રીસ વર્ષથી યથાવત રહ્યું છે. કેટલાય સફાઈ કર્મીઓ નિવૃત્ત થઈ જતાં ગંદકીની સમસ્યાએ વિકરાળ રૂપધારણ કર્યું છે. ખાનગી કોન્ટ્રાકટરોને સફાઈની કામગીરી સોંપવા ઉપરાંત ઘર ઘરથી કચરો એકત્ર કરવાની યોજના સમયાંતરે અમલમાં મુકી ગંદકીની સમસ્યાનો હલ મેળવવાનો પ્રયાસ કરાયો હતો પરંતુ આ યોજના મોટાભાગના સેકટરોમાં નિષ્ફળ ગઈ છે. શહેરના વીઆઈપી ગણાતા સેકટરો જેવા કે સેકટર-૧, સેકટર-૨ અને સેકટર-૮માં સફાઈ નિયમિત થાય છે. તેમાંય મંત્રીઓ, ધારાસભ્યો અને ઉચ્ચ અધિકારીઓના બંગલાની આસપાસ તો એકાદ કાગળનો ડુચો પણ જોવા મળતો નથી. જયારે અન્ય સેકટરોમાં તો કચરાપેટી પણ મુકવામાં આવી ન હોવાથી સેકટરોમાં પ્રવેશવાના રસ્તાઓ પાસે જ કચરો જોવા મળે છે. ગંદકીના કારણે મચ્છરોની ઉત્પત્તિ વધી છે અને સ્વાસ્થ્યના પ્રશ્નો ઉદભવ્યા છે. નિયમિત સફાઈ થાય તેવી રજુઆત અનેકવાર કરવામાં આવી હોવા છતાં આ સમસ્યાથી શહેરનો છુટકારો થતો નથી.

નાગર યુવક-યુવતીઓ માટે પરિચય સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૨૫

સમગ્ર ગુજરાત નાગર પરિષદ મહામંડળ દ્વારા ૧૬મું જીવનસાથી પસંદગી સંમેલન ટુંક સમયમાં યોજવાનું આયોજન કરવામાં આવશે. નાગર યુવક-યુવતીઓ માટેના આ પરિચય સંમેલનના ઉમેદવારી પત્રકો પરિષદના કાર્યકરો પાસેથી નિઃશુલ્ક મેળવી શકાશે.

નાગર યુવક-યુવતીઓએ જીવનસાથી પસંદગી સંમેલનમાં જોડાવા માટે ઉમેદવારી પત્રક પરિષદના નરેશ રાજા ૪૫૮, ખાડિયા, જેઠાભાઈની પોળ, અમદાવાદ, મો.નં. ૯૯૭૪૦ ૩૪૪૬૬ અથવા અરૂણ બુચ, પ્લોટ નં. ૨૨૦, સેકટર-૨૦, મો.નં. ૯૮૨૫૦ ૧૮૧૩૪ અથવા નિલેન્દુ વોરા, પ્લોટ નં. ૪૪૫/૨, સેકટર-૫-એ, મો.નં. ૯૪૨૭૮ ૦૧૪૦૩ અથવા સુભાષભાઈ ભટ્ટ, ૧૨૭૫, શિવમ સોસાયટી, સેકટર-૭, મો.નં. ૮૪૦૧૩૧૩૬૮૭ અથવા જયપ્રકાશ ભટ્ટ, બ્લોક નં. ૩૦૫, એ-૧, સેકટર-૮, ગાંધીનગર મો.નં. ૨૩૨૩૪૦૪૩ પાસેથી મેળવી ભરીને જમા કરાવવા પ્રમુખ દ્વારા જણાવાયું છે. આ અંગેની વધુ વિગતો વેબસાઈટ **www.nagarpratishtan/facebook.com** પરથી મળી શકશે.

લોખંડના દરવાજા ચોરતી ગેંગ રાયસણથી રંગે હાથ ઝડપાઈ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીક આવેલા રાયસણ ગામના મંદિર પાસે પડેલા લોખંડના દરવાજા ચોરી કરવા લોડીંગ રિક્ષા લઈને આવેલા શખ્સો અંગે સ્થાનિક રહેવાસીનું ધ્યાન જતાં તેમણે રીક્ષા સાથે બે શખ્સોને ચોરી કરતાં રંગે હાથ ઝડપી પાડયા હતાં જયારે તેમનો એક સાગરીત નાસી છુટવામાં સફળ રહ્યો હતો. સ્થાનિક વ્યકિતએ બંને શખ્સોને પકડી રાખીને પોલીસને બોલાવી લેતા અડાલજ પોલીસ આવી પહોંચી હતી અને રિક્ષા જપ્ત કરી બંનેની ધરપકડ કરી લઈ ફરાર થઈ ગયેલા શખ્સની શોધખોળ આરંભી છે અને પકડાયેલા બંને આરોપીઓની સઘન પુછપરછ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા રાયસણ ગામના મંદિર પાસે આજે બપોરના સુમારે સામાન લાવવા લઈ જવાના બહાના હેઠળ લોડીંગ રીક્ષા ફરી રહી હતી. આ રીક્ષા નં. જીજે ૧ સી.એકસ. ૬૪૦૦માં આવેલા ત્રણ શખ્સોએ તક મળતાની સાથે જ મંદિર પાસે પડેલા લોખંડના દરવાજાઓ ઉપાડીને રિક્ષામાં નાંખી દીધા..!! રાયસણ ગામના રહેવાસી ખોડાજી ઠાકોરે તેમને ચોરી કરતા જોયા અને પોતે વિકલાંગ હોવા છતાં ત્રણેય ચોરોને પડકાર્યા હતાં. ખોડાજીએ ત્રણ પૈકી બે શખ્સોને પકડી પાડયા હતા જયારે એક શખ્સ ફરાર થવામાં સફળ થયો હતો. આ અંગે ખોડાજીએ અડાલજ પોલીસને બોલાવીને બંને શખ્સોને સોંપી દેતા પોલીસે બંનેની ધરપકડ કરી ફરાર થઈ ગયેલા એક સાગરિતની શોધખોળ શરુ કરી છે અને પોલીસે લોડીંગ રિક્ષા જપ્ત કરીને પકડાયેલા બંને શખ્સોની સઘન પુછપરછ હાથ ધરી છે. પકડાયેલા શખ્સો મોટેરાના ૨૨ વર્ષીય કૈલાસ કાળુદાસ વૈષ્ણવ અને રાધેશ્યામ માધવલાલ પ્રજાપતિ હોવાનું બહાર આવ્યું છે.

આજે રૂદ્રાભિષેક મંડળનું સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના રૂદ્રાભિષેક મંડળના સેક્રેટરી નરેન્દ્રભાઈ જાનીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, રૂદ્રાભિષેક મંડળનું સ્નેહમિલન આજે તા. ૨૬મી નવેમ્બર-૨૦૧૨ને સોમવારે સાંજે ૪ કલાકે પંચદેવ મંદિર, સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે યોજાશે. આ પ્રસંગે અતિરૂદ્રની વિચારણા માટે સર્વે સભ્યોને હાજર રહેવા હોદ્દેદારો તરફથી ખાસ જણાવાયું છે.

સતત બીજા દિવસે ગાંધીનગરમાં ઠંડીની જમાવટ

ગઈકાલે ઠંડીનો પારો ૧૨.૨ ડિગ્રી જયારે આજે ૧૨.૮ ડિગ્રી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. છેલ્લા બે દિવસથી ઠંડીનો પારો ૧૨ ડિગ્રીની આસપાસ રહેતા વસાહતીઓ ઘરમાં જ પુરાઈ રહેવાનું પસંદ કરે છે.

ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં ધીમે ધીમે ઠંડીની જમાવટ થઈ રહી છે. ઉત્તર-પૂર્વીય ઠંડા પવનોએ રાજ્યમાં ગુલાબી ઠંડીનું વાતાવરણ સર્જ્યું છે. છેલ્લા ઘણા અઠવાડિયાઓથી ૧૩-૧૪ ડિગ્રીની વચ્ચે રહેતુ લઘુત્તમ તાપમાન ઘટીને શનિવારની રાત્રે ૧૨.૨ અને રવિવારે રાત્રે ૧૨.૮ ડિગ્રીએ પહોંચી ગયુંહતું. જે મૌસમનું સૌથી નીચુ તાપમાન હતુ. જ્યારે દિવસે મહત્તમ તાપમાન ૩૨.૫ ડિ.સે. નોંધાયું હતું. શિયાળો જામતા અને ઠંડી વધતા ગાંધીનગરમાં અવારનવાર રાત્રે આઠ-નવ વાગે જ સાવ ઓછી થઈ જાય છે. હાલમાં વિદ્યાર્થીઓને દિવાળી વેકેશન ચાલતુ હોઈ સવારે પણ ચહલપહલ ઓછી જોવા મળે છે. સ્વાસ્થ્ય પ્રત્યે કાળજી રાખનારા કેટલાક વસાહતીઓ સવારે ચાલવા કે દોડવા નીકળે છે તે સીવાય મોટાભાગના વસાહતીઓ તડકો નીકળે તે પછી જ ઘરનો દરવાજો ખોલે છે. ઠંડીએ જમાવટ કરતા ગરમ વસ્ત્રોની ખરીદીમાં તેજી આવી છે. આ વર્ષે વરસાદ ઓછો પડ્યો છે પરંતુ ઠંડીએ વહેલી જમાવટ કરી દીધી છે. હજુ તો ડિસેમ્બર માસ શરૂ થયો નથી તે પેલા જ ઠંડી ૧૨ ડિગ્રીની નજીક પહોંચી ગઈ છે. આગામી દિવસોમાં ઠંડી વધે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.

સ્પોર્ટસના ખોટા પ્રમાણપત્રો આપી દેવાના કૌભાંડનો સુત્રધાર ઝડપાયો

૨૦૦૮માં આવેલી વિદ્યાસહાયકની ભરતીમાં પાંચ હજારથી વધુ ઉમેદવારોએ લાયકાત કરતા વધુ ગુણ મેળવવા રમતગમતના ખોટા સર્ટીફીકેટ ખરીદ્યા હતા

ગાંધીનગર, તા.૨૫

વિદ્યાસહાયકોની ભરતીની વર્ષ ૨૦૦૮માં પડેલી જાહેરાતમાં ઉમેદવારોને સ્પોર્ટસના સર્ટીફીકેટ સામેલ કરવાથી લાયકાત કરતાં વધુ ગુણની જોગવાઈ કરવામાં આવી હતી. જે અંતર્ગત વિવિધ ટ્રસ્ટ દ્વારા ૫૦૦૦થી વધુ ખોટા સર્ટીફીકેટ ઉમેદવારોને રૂપિયા લઈ આપી દેવાયા હોવાની ફરિયાદ તે વર્ષે સે-૭ પોલીસ મથકે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનરે નોંધાવી હતી. ગાંધીનગર એલસીબીની ટીમે તપાસ લઈને તેના સુત્રધાર વીર સાવરકર યુવા શકિત કેન્દ્ર ટ્રસ્ટના ટ્રસ્ટીની ધરપકડ કરી લીધી છે અને વધુ પુછપરછ શરુ કરી છે.

વિદ્યાસહાયકોની ભરતીની વર્ષ ૨૦૦૮માં જાહેરાત પડી હતી. આ ભરતીમાં રમત ગમતની સિદ્ધી અંગેના પ્રમાણપત્ર રજુ કરવામાં આવે તો લાયકાત ઉપરાંત વધારાના ગુણનો સમાવેશ કરીને નિમણુંક ઓર્ડર આપવાની જોગવાઈ કરવામાં આવી હતી જેને પગલે ખોટા સ્પોર્ટસ સર્ટી લેવા માટે દોડાદોડ કરી ૫ હજારથી વધુ ઉમેદવારોએ કબડ્ડી, ખો-ખો, ફૂટબોલ જેવી રમતોના ખોટા સર્ટીફીકેટસ મેળવ્યા હોવાનું બહાર આવ્યું હતું. જે અનુસંધાને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનર દ્વારા સે-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જેમાં ચાંદખેડાના વીર સાવરકર યુવા શક્તિ કેન્દ્ર ટ્રસ્ટ, ગાંધીનગરના ટ્રેક ટ્રોટર્સ, સ્પોર્ટસ કલબ, ચાંદખેડાના શહીદ વીર ભગતસિંહ મેમોરીયલ, કાંકરીયાના અમેરીકન વોલીબોલ ફેડરેશન ઓફ ગુજરાત અને સુપર હેન્ડબોલ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આશરે ઉમેદવારોને પાંચ હજાર જેટલા નકલી પ્રમાણપત્રો સત્તા ન હોવા છતાં આપી દીધા હોવાની ફરિયાદ થઈ હતી. આ કેસમાં ચાર વર્ષ બાદ પણ કોઈ તપાસ ન થતા એલસીબીને તપાસ સોંપાઈ હતી. એલસીબી પી.આઈ. એસ.જી. પરમારની ટીમે ગઈ કાલે રાત્રે ચાંદખેડાની વીર સાવરકર યુવા શકિત કેન્દ્ર ટ્રસ્ટના ચાંદખેડા ખાતે રહેતા ટ્રસ્ટી લકી નરેન્દ્રચાન ઠાકુરીની ધરપકડ કરી લીધી છે અને તટસ્થ તપાસ આરંભી છે.

છાલા ગામે હઝરત હસુદાદા ઉર્સ પ્રસંગે રોશનમાં માનવ મહેરામણ ઉમટયો

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ચિલોડા સર્કલથી માત્ર ૧૦ કિમી દૂર આવેલું છાલા ગામ અનેક રીતે મોખરાનું સ્થાન ધરાવે છે. છાલા પાસે નેશનલ હાઈવે ૮ પર આવેલી હસુદાદા પીરની દરગાહ ખાતે વર્ષોની પરંપરા મુજબ રાત્રે શનિવારે ૮.૩૦ વાગેના સમયે કરવટાની મહેંદી રોશનનો કાર્યક્રમનો ભવ્ય મહિમા રહેલો છે તે મુજબ છાલા ગામ તથા અન્ય જિલ્લાના મુસ્લિમ બિરાદરો તથા હિન્દુઓ માટે શ્રધ્ધાનું અનોખું ધામ ગણાતા કાર્યક્રમમાં સંપૂર્ણ શ્રધ્ધા અને વિશ્વાસ રૂપે જોડાઈ કોમી એખલાસ અને એકતાના પ્રતિકરૂપે નિકળતી મહેંદીનો ભવ્ય રોશની કાર્યક્રમ જુલુસ રંગેચંગે ગામના મુખ્ય વિસ્તારથી પસાર થતાં અનોખું દ્રશ્ય જોવા મળ્યું હતું. આ મહેંદી પ્રસંગે હિન્દુ ભાઈ બહેનો મહેંદીમાં તેલ પુરી પોતાની માનતા અને શ્રધ્ધાઓ પ્રગટ કરી મનોકામના પુરી કરી હતી. આ મહેંદી પીપળાના લાકડામાંથી બનાવવામાં આવે છે. ચાલુ સાલે ગામમાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ શિસ્તબધ્ધ રીતે જોડાઈ દર્શનનો લ્હાવો લીધો હતો.

જાહેર શૌચાલય અને એસ.ટી. બસ સ્ટેન્ડના અભાવે ચિલોડા સર્કલ પાસે અનેક સમસ્યાથી મુસાફરો પરેશાન : માત્ર ગુડા દ્વારા બાંકડા મૂકવાથી મુસાફરોને રાહત

ચિલોડા, તા.૨૫

ગાંધીનગર જિલ્લાના સૌથી મોખરાનું સ્થાન ધરાવતું ચિલોડા સર્કલ અને આજુબાજુનો ગ્રામ્ય વિસ્તાર વહેલી સવારથી અનેક મુસાફરો અને માનવ મહેરામણ ઉમટી પડતાં અનેક સમસ્યાઓ ભોગવી રહી છે. જેમાં ચિલોડા-હિંમતનગર જવાના હાઈવે માર્ગ પર એસ.ટી. સ્ટેન્ડ અને શૌચાલયના અભાવે અનેક મહિલાઓ માટે ભારે આફતરૂપ સમસ્યાથી હેરાન પરેશાની ભોગવતી નજરે પડે છે જયારે આ વિસ્તારમાં પોલીસ સ્ટેશનની પાસે ફૂટપાથ પર મુસાફરો માટે માત્ર ગુડા દ્વારા બાંકડા મૂકવામાં આવ્યા છે પરિણામે અસંખ્ય

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

મુસાફરો એસ.ટી. બસ સ્ટેન્ડના અભાવે ખડે પગે તાપ-તડકો કે ટાઢથી બારે માસ પરેશાની ભોગવી રહ્યા છે. તેમ છતાં ગુડા દ્વારા બાંકડાની સુવિધાથી અનેક મુસાફરો તેનો લાભ લેતાં કંઈક અંશે રાહત ઉભી થઈ છે.

અનેક મુસાફરો તેમજ જાગૃત નાગરિકો દ્વારા બાંકડાની જેમ જાહેર શૌચાલયની તાતી જરૂરિયાત પ્રમાણે સગવડ ઉભી થાય તેવી તીવ્ર માંગ પ્રવર્તી રહી છે. હાલમાં ચૂંટણી ટાણે અનેક સ્થાનિક નેતાઓ પણ હેરાફેરી કરે છે પણ પ્રજાની તાતી સુવિધા પ્રત્યે સાવ નજર અંદાજ ન કરતાં અનેક લોકો હવે ચૂંટણીમાં સક્ષમ ઉમેદવાર આ વિસ્તારમાં મળે અને પ્રજાના સ્થાનિક પ્રશ્નો પરત્વે ધ્યાન કેન્દ્રિત કરે તેવા ઉમેદવાર લોકો ઝંખી રહ્યા છે.

શબ્દ સમીપે (પાના નં. ૨ નું ચાલુ)

બાળ કાવ્યો અને જોડકણાં આપનાર કવિ પાસેથી આ રચનાઓ મળે છે તેને વૈવિધ્યપૂર્ણ કાવ્ય પુષ્પોનો સંગ્રહ એમ કરી નવા જતાં પોતાની પ્રસ્તાવનામાં રમેશ ત્રિવેદી કવિના કાવ્ય સર્જનની વાત કરતાં લખે છે કે, ' સંગ્રહના મોટાભાગના હાઈકુઓ અભિધાસ્તરે થોડાં મુખર બનીને કવિને કવિના ઈષ્ટ સંદેશની અભિવ્યક્તિ પામ્યાં છેઃ

'વસંતી વાયરા' કાવ્ય સંગ્રહ કવિએ પોતાના સાસુ સસરાને અર્પણ કરેલ છે. આ સંગ્રહનાં તમામ કાવ્યો દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક અને દિપોત્સવી અંકોમાં અગાઉ પ્રગટ થઈ ચુક્યા છે. તેમના પ્રત્યે કવિએ અહોભાવ પ્રગટ કર્યો છે.

'મિલન' ઉપનામથી જાણીતા મણીલાલ એમ. શ્રીમાળીના સાથે મારો પરીચય ગાંધીનગરની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની મુખ્ય શાખામાં થયેલો ત્યારે એ આસિસ્ટન્ટ મેનેજર તરીકે સેવા આપતા હતા. ૨૦૦૬માં તેમણે સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ કાવ્ય પ્રવૃત્તિમાં વધુ પ્રવૃત બનતાં સાત જેટલાં પ્રકાશનો તેમણે કર્યા છે. જેમાં 'હીંચકો' બાળ કાવ્ય સંગ્રહની બે આવૃત્તિઓ થઈ છે. તે ઉપરાંત ૨૦૦૯માં 'ઝરણું' કાવ્ય સંગ્રહ અને ત્યારબાદ 'ડોલતાં ફુલડાં જોડકણાંનો' સંગ્રહ આપેલ છે. તેમણે રચેલ પરબડીએ પારેવડાં સંગ્રહ ગુજરાતી, હિન્દી અને મરાઠીમાં પ્રગટ થયેલ છે. 'તરણું' નામે ડૉ. બાબાસાહેબ આંબેડકર અંગે કાવ્યસંગ્રહ પણ પ્રગટ કર્યો છે. સાર્થક બાળગીત સ્પર્ધામાં તેમનો 'ગોવાળીયો' કાવ્યને પ્રથમ પારિતોષિક ડૉ. રમણલાલ જોશીના હસ્તે પ્રાપ્ત થયું હતું. આવા કવિ મણીલાલ શ્રીમાળીના જીવનમાં વાસંતી વાયરો હંમેશા વાતા રહે તેવી શુભેચ્છા સાથે આવકારૂં છું.

પુસ્તક : વાસંતી વાયરા (કાવ્યસંગ્રહ)
કવિ : મણિલાલ એમ. શ્રીમાળી 'મિલન'
પ્રકાશક : ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ.
સંપર્ક : સી-૬, હરિકૃષ્ણ બંગ્લોઝ, આકાશ દર્શન સોસાયટી, મોટેરા રોડ, સાબરમતી,
અમદાવાદ - ૩૦૦૦૦૫.
આવૃત્તિ : પ્રથમ ૨૦૦૯, કિંમત : રૂા. ૫૦/-

સંબંધ સજાવે જીંદગી (પાના નં. ૨ નું ચાલુ)

પતિ-પત્નીમાં કોઇ દિવસ મનદુઃખના પ્રસંગો બને તો તેઓ હંમેશા પોતાના દીકરાને ઠપકો આપી સમાધાન કરાવી દે. પરિણામે પુત્રવધુઓને પોતાની માતા કરતાં સાસુમા સાથે જીવનની અંગત વાતો શેર કરવી વધુ ગમે છે. આણ તો પતિ સાથે મનને હળવું કરવું પ્રત્યેક પત્નીને ગમે, પણ આ સાસુમા એવા છે, જેમને દાંપત્યજીવનના મૂંઝાતા પ્રશ્નોનો ઉકેલ પૂછવામાં પુત્રવધુઓને જરાય સંકોચ ન થાય. સુમિત્રાબેનને આમ તો દીકરીઓ ખૂબ વહાલી પણ પોતાને ત્રણ દીકરા જ હોવાથી પુત્રવધુઓને દીકરી સમાન ગણી દીકરીનું વહાલ વહુઓ પર વરસાવી પોતાની લાગણી આ રીતે વ્યક્ત કરે છે. વહુઓ સાસુમાને સતત શિખામણ આપે કે મમ્મી હવે તમે આરામ કરો પણ મમ્મીને સેવાની લગની લાગી છે. એટલે તેમને મનદુઃખ થાય તેવું વર્તન પુત્રવધુઓ કરતી નથી.

સુમિત્રાબેન પૌત્રોના ઉછેરમાં પણ વિશેષ કાળજી રાખી પુત્રવધુઓને આ બાબતે નિશ્ચિત બનાવી દે છે. આવા વહાલભર્યા સાસુમાં પ્રત્યે કોને લાગણી ન થાય? સાસુમા જયારે ભૂલી જાય કે હું પણ એક વાર બીજાને આ ઘરમાં આવી હતી ત્યારે જ સામાજિક વિસંગતતા ઊભી થાય છે. અને વહુઓ પણ વિચારે કે મારે પણ કોઇ વાર સાસુ બનવું પડશે, અને તે વખતે હું વહુઓ પાસે જેવી અપેક્ષા રાખુ એવું વર્તન માટે સાસુમા સાથે કરવું જોઇએ તો જ ઇશ્વરી ન્યાય મળી શકે. સુમિત્રાબેનેનો પ્રત્યેક સાસુમાને સંદેશ છે કે સાસુ માં બનતાં શીખે અને વહુ દીકરી બની શકે તો કોર્ટ કચેરીના પગથિયે કદી ચઢવું ન પડે... અને સમાજની કૌટુંબિક સમસ્યાઓ આપોઆપ હળવી બની જાય...

ચિત્રસેન શાહના પુસ્તકનો લોકાર્પણ સમારોહ તથા એવોર્ડ વિતરણ કાર્યક્રમ ૨જીએ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતના જાણીતા સાહિત્યકાર હાસ્યવિદ ચિત્રસેન શાહના 'વરઘોડો-વનેચંદના પુત્રનો!' નામના પુસ્તકનો લોકાર્પણ સમારોહ તથા 'જયોતીન્દ્ર દવે સાહિત્યશ્રી એવોર્ડ' અર્પણ વિધિ કાર્યક્રમ તા.૨ ડિસેમ્બર ૨૦૧૨ ને સાંજે ૫ કલાકે બ્રહ્માણી કૃપા હોલ, કડી કેમ્પસ, ગેઈટ નં.૧, સેકટર-૨૩ ગાંધીનગર ખાતે યોજાશે.

ગુજરાત સાહિત્ય સંગમ અને આંતર ભારતીય સાહિત્ય બંધુત્વ રાજસ્થાન સાહિત્ય અકાદમી પ્રેરીત ગુજરાતના વિવિધ ભાષી સાહિત્યકારોના બંધુત્વ મંચ દ્વારા જાણીતા હાસ્યવિદ ચિત્રસેન શાહને 'જયોતીન્દ્ર દવે સાહિત્યશ્રી એવોર્ડ' તા. ૨જી ડિસેમ્બરને રવિવારે સાંજે ૫ કલાકે અર્પણ કરવામાં આવશે. આ પ્રસંગે ચિત્રસેન શાહ પરિવાર દ્વારા 'વરઘોડો-વનેચંદના પુત્રનો' નામના પુસ્તકનું લોકાર્પણ કલાગૂર્જરીના પેટ્રન મહેન્દ્રભાઈ ત્રિવેદી અને પ્રસિદ્ધ સાહિત્યકાર ડો. દલપતભાઈ પઢિયારના વરદ્ હસ્તે કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમમાં સમારંભના અધ્યક્ષ તરીકે ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાન્તભાઈ જહા, અતિથિ વિશેષ તરીકે રતિલાલ બોરીસાગર, વિશેષ ઉપસ્થિત રહેનાર મહેમાનોમાં ડો. કેશુભાઈ દેસાઈ, ડો સોમભાઈ પટેલ, ડો. પ્રદીપભાઈ આઝાદ અને દોલતભાઈ ભટ્ટ ખાસ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારશે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૧
સૂર્યાસ્ત : ૫.૫૯

તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૨.૮ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૩૪ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
સન ઓફ સરદાર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
જબ તક હૈ જાન : ૧૨.૦૦, ૩.૩૦, ૯.૩૦
લાઈફ ઑફ પાઈ (અંગ્રજી) : ૭.૦૦
: સ્ક્રીન-૩ :
જબ તક હૈ જાન : ૧૦.૦૦, ૬.૩૦
લાઈફ ઑફ પાઈ (હિન્દી) : ૧.૧૫, ૪.૦૦ ૧૦.૧૫
: સ્ક્રીન-૪ :
સન ઑફ સરદાર : ૧૧.૩૦, ૫.૩૦
જબ તક હૈ જાન : ૨.૧૫, ૮.૩૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
લાઈફ ઑફ પાઈ (હિન્દી) : ૯.૪૫, ૫.૪૫, ૧૦.૩૦
થુપાક્કી : ૧૨.૧૫
ટ્વાલાઈટ : ૩.૩૦, ૮.૧૫
: સ્ક્રીન-૨ :
જબ તક હૈ જાન : ૧૧.૦૦, ૫.૩૦
સન ઑફ સરદાર : ૨.૩૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
સન ઑફ સરદાર : ૯.૩૦, ૩.૪૫, ૧૦.૧૫
જબ તક હૈ જાન : ૧૨.૧૫, ૬.૩૦
: સ્ક્રીન-૪ :
જબ તક હૈ જાન : ૯.૦૦, ૩.૧૫, ૯.૩૦
સન ઑફ સરદાર : ૧૨.૩૦, ૬.૪૫

સૂર્યા, વાવોલ

સન ઑફ સરદાર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પ્રિત શાયબા ન ભુલાય: ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સન ઑફ સરદાર : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
જબ તક હૈ જાન : ૧૦.૩૦, ૨.૦૦, ૬.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ઑપરેશન મુંબઈ : ૧૦.૩૦, ૧૨.૪૫, ૭.૩૦,૧૦.૧૫
સન ઑફ સરદાર : ૨.૩૦, ૫.૦૦

ચિરાગ, કલોલ

સન ઑફ સરદાર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : ધાર્મિક કાર્યમાં સમય પસાર થશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી.

વૃષભ : અપરણિતો માટે લગ્ન સંબંધી પ્રસ્તાવ, લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

મિથુન : આવકના સ્ત્રોતો લાભ આપશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે. ધન પ્રાપ્તિનો ઉત્તમ યોગ. વિવાદોથી બચવું.

કર્ક : સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

સિંહ : આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યઓ છતાં કાર્યમાં પ્રગતિ જણાશે. વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે.

કન્યા : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

તુલા : મિત્રોના સહયોગ અને આશ્વાસન મળશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે. દુસ્સાહસ ન કરવું.

વૃશ્ચિક : સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર ક્ષેત્ર વિસ્તૃત થશે. ભૌતિક સુખની પ્રાપ્તિ થશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સ્વાધ્યાયમાં રુચિ વધશે. સુખદ સમાચાર મળશે.

ધન : મહત્વકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. નિષ્ઠાથી કાર્ય કરતા રહો ઈચ્છિત સિદ્ધિ અને મનોનુકૂળ લાભ અવશ્ય મળશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

મકર : યાત્રા અને મનોવિનોદમાં સમય પસાર થશે. સહયોગ અને સારા સંબંધોને કારણે લાભને ઉન્નતિનો માર્ગ મોકળો થશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

કુંભ : પ્રસન્નતાનું વાતાવરણ બની રહેશે. સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધશે. વેપાર-ધંધો સારો ચાલશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

મીન : સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. સુખ-સમૃદ્ધિમાં વધવાથી અનેક અટકેલા કાર્ય સમય પર પૂર્ણ થઈ શકશે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગ્રાહકોથી મધુર સંબંધ બનશે.

ચિરવિદાય

- સ્વ. વાઘેલા મફાજી ગણેશજી (ઉ.વ.૫૪) મુ.પો. કોલવડા, તા., જિ. ગાંધીનગર.